| Re-Accredited **Grade-A** by NAAC (CGPA 3.05) | **Saurashtra University** | University Campus, University Road, **Rajkot - 360 005** Ph.0281 - 2578501 |
|---|---|---|

વિષય :- "ચમાર" શબ્દ સ્થાને તેનો પર્યાય શબ્દ "રોહિત" શબ્દ પ્રયોજવા બાબત.

સંદર્ભ :- (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક : અહલ-૧૨૨૦૧૬-૪૫૦૯૫૬-૭

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૫/૧૦/૨૦૧૬ના પત્ર ક્રમાંક નં. અજાક/મ/૫/૨૦૧૬/૫૭૭૧-૬૧૩૬.

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીના તા.૦૪/૧૧/૨૦૧૬ના પત્ર ક્રમાંક નં. CHE /ISC-7/૧૬-૪૦૫૨૪ થી ૪૧૦૨૪

<u>પરિપત્ર :-</u>

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાઓને જણાવવામાં આવે છે કે, સંદર્ભ ૧ અને ૨ના અનુસંધાને સંદર્ભ-૩ પરના પત્ર અનુસાર સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં "ચમાર" શબ્દ સ્થાને તેનો પર્યાય શબ્દ "રોહિત" શબ્દ પ્રયોજવાનો હોય, તે બાબતનું ચુસ્ત પાલન થાય તે અનુસાર કાર્યવાહી કરવા વિનંતી છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે )

સહી/-
(ડૉ. ધીરેન ડી. પંડ્યા)
કુલસચિવ

<u>બિડાણ :</u>
સંદર્ભિત પરિપત્ર તથા પત્રો.

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૭૧/'૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ,
<u>રાજકોટ.</u>
તા.૨૧/૧૧/'૧૬

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ.
(૪) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ.

<u>નકલ સાદર રવાના :</u>
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

Saurashtra University Mail

registrar Saurashtra University <registrar@sauuni.ernet.in>

# 'ચમાર શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ 'રોહિત' શબ્દ પ્રયોજવા બાબત

CHE University <che.university@gmail.com>
Fri, Nov 4, 2016 at 2:59 PM
To: pringc@googlegroups.com, registrar-group-of-gujarat@googlegroups.com, Pravin Patel <osd.kcg@gmail.com>

--
You received this message because you are subscribed to the Google Groups "All Registrar Group of Gujarat" group.
To unsubscribe from this group and stop receiving emails from it, send an email to registrar-group-of-gujarat+unsubscribe@googlegroups.com.
To post to this group, send email to registrar-group-of-gujarat@googlegroups.com.
To view this discussion on the web visit https://groups.google.com/d/msgid/registrar-group-of-gujarat/CAK-2M3CBBCriuRikvR_fkufTL6%3DXrJohg_0eXSnZaLOrVLRJvg%40mail.gmail.com.
For more options, visit https://groups.google.com/d/optout.

SCAN_20161104_145353921.pdf
1571K

INWARD
9714
Sau. Uni. Rajkot

SC-ST Cell
Inward No. ૨૫૬
Date : ૮/૧૧/૧૬
08 NOV
Sau. Uni. Rajkot

8-11-2016

નં. અજાક / મ / ૫ / ૨૦૧૬ / ૫૭૭૪-૬૧૩૬
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ટે. નં ૨૩૨ ૫૩૨૩૫ / ૫૩૨૨૯
તા. ૨૫ / ૧૦ / ૨૦૧૬

પ્રતે,

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જુનાગઢ, જામનગર, ભાવનગર.

(૨) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ,વડોદરા, સુરત, રાજકોટ

(૩) કમિશ્નરશ્રી, અરોગ્ય અને તબીબી શિક્ષણ અને તબીબી સેવાઓ, બ્લોક નંબર - ૫, જુના સચિવાલય, ગાંધીનગર.

(૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, બ્લોક નંબર - ૧૨, જુના સચિવાલય, ગાંધીનગર.

(૫) કમિશ્નરશ્રી, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, જુના સચિવાલય, ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી, માધ્યમિક શાળાઓ, જુના સચિવાલય, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જુના સચિવાલય, ગાંધીનગર.

(૮) જિલ્લા કલેકટરશ્રી, ..................., જિ. ......................(તમામ)

(૯) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ..................., જિ. ......................(તમામ)

(૧૦) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ..................., જિ. ......................(તમામ)

(૧૧) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, (તકેદારી એકમ) અમદાવાદ, વડોદરા, રાજકોટ.

(૧૨) નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ..................., જિ. ......................(તમામ)

(૧૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) જિલ્લા પંચાયત કચેરી, ..................., જિ. ......................(તમામ)

(૧૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ..................., જિ. ......................(તમામ)

(૧૫) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ..................., જિ. ......................(તમામ)

(૧૬) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (છાત્રાલય) સરકારી કુમાર / કન્યા છાત્રાલય, ..................., જિ. ......................(તમામ)

(૧૭) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (છાત્રાલય) ) સરકારી કુમાર / કન્યા છાત્રાલય ..................., જિ. ......................(તમામ)

(૧૨) આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા ...................., જિ. ......................(તમામ)

વિષય - " ચમાર " શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ " રોહિત " શબ્દ પ્રયોજવા બાબત

સવિનય ઉક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે " ચમાર " શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ " રોહિત " શબ્દ પ્રયોજવા બાબતે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવક્રમાંક - અહલ / ૧૨૨૦૧૬ / ૪૫૦૯૫૬ / હ, તા. ૧૮ / ૧૦ / ૨૦૧૬થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ઠરાવની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તો સદરહુ ઠરાવથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓનું આપના દ્વારા તથા આપના નિયંત્રણ હેઠળના અધિકારીશ્રીઓ દ્વારા પણ ચુસ્તપણે પાલન થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ ત્વરીત આપવા વિનંતિ છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

ક્રમાંક : CHE/ISC-7/૧૬/૪૦૨૨૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૪/૧૦/૨૦૧૬.

૨/- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના ઉકત તા.૨૫/૧૦/૧૬ ના પત્ર ક્રમાંક: અજાક/મ/૫/૨૦૧૬/૫૭૭૧-૬૧૩૬ સાથે સામાજિક અને ન્યા અધિકારીતા વિભાગ,ગાંધીનગરના તા.૧૮/૧૦/૧૬ ના પરિપત્ર ક્રમાંક:અહલ/૧૨૨૦૧૬/૪૫૦૯૫૬/હ થી જણાવેલ વિગતો અનુસારની આપની કક્ષાએથી ધ્યાને લઈ તે સુચનાઓનો અમલીકરણ તાકિદે કરવા કરવા સારુ.

નાયબ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટીઓ, તમામ.
- આચાર્યશ્રી, સરકારી કોલેજ, તમામ.
- આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત કોલેજો, તમામ.
- કે.સી.જી. કચેરી,અમદાવાદ
- હુકમ ફાઈલે.

'ચમાર' શબ્દના સ્થાને તેનો પર્યાય શબ્દ
'રોહિત' શબ્દ પ્રયોજવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અહલ-૧૨૨૦૧૬-૪૫૦૯૫૬-છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૧૦/૨૦૧૬

પરિપત્ર:

સરકારી કચેરીઓ,શાળા,કોલેજો(સરકારી તેમજ બિનસરકારી),ગ્રામ પંચાયત વગેરે કચેરીઓના રેકર્ડમાં જયાં"ચમાર" શબ્દ પ્રયોજાયેલ/લખાયેલ હોય ત્યાં સ્થાને "રોહિત"શબ્દનો ઉલ્લેખ કરવા માટે તથા પછાત વર્ગના જે જે મહોલ્લાઓ 'ચમાર વાસ' તરીકે ઓળખાતા હોય તે મહોલ્લાઓને 'રોહિત વાસ' તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે તે માટે જરૂરી હુકમો અગર તો સૂચનાઓ પ્રસારિત કરવા બાબતની રજૂઆતો ગુજરાત રોહિત સમાજ સંગઠન તરફથી સરકારશ્રીને મળી હતી.

૨. આ રજૂઆતો પરત્વે સુચનાઓ બહાર પાડવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી, આ અંગે કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) સરકાર હસ્તકની તમામ વહીવટી કચેરીઓ(બોર્ડ/કોર્પોરેશન/નિગમ સહિત) તથા શાળા કોલેજો (સરકારી તેમજ બિનસરકારી),યુનિવર્સિટીઓ વગેરેના રેકર્ડમાં જયાં "ચમાર" શબ્દ પ્રયોજાયેલ હોય તેના સ્થાને "રોહિત" શબ્દનો ઉલ્લેખ કરવો.

(૨) ગ્રામ પંચાયતના રેકર્ડમાં તથા અન્ય મહેસૂલી રેકર્ડમાં પણ ઉપર મુજબ સુધારો કરવો.

(૩) પછાત વર્ગના જે જે મહોલ્લાઓ "ચમાર વાસ"તરીકે ઓળખાતા હોય/સંબોધન કરવામાં આવતું હોય તે મહોલ્લાઓ "રોહિત વાસ" તરીકે ઓળખવામાં આવે/સંબોધન કરવામાં આવે.

૩. આ જાતિના ઇસમોના મહેસૂલી રેકર્ડ/પંચાયત રેકર્ડ અથવા અન્ય સરકારી રેકર્ડમાં "ચમાર" શબ્દનો ઉલ્લેખ હોય તો પણ જો તેઓ "રોહિત" તરીકેનુ પ્રમાણપત્ર મેળવવા માંગે તો આવા ઇસમોને સંબંધિત સક્ષમ અધિકારીઓએ "ચમાર" શબ્દના પર્યાય તરીકે "રોહિત" તરીકે તેમની માંગણી મુજબનું જાતિ પ્રમાણપત્ર આપવું તથા તે આધારે મળવાપાત્ર થતાં આનુષાંગિક લાભો પણ આપવામાં આવે.

૪ આ પરિપત્ર રોજબરોજના વ્યવહારમાં અને સરકારી પત્રવ્યવહારમાં "રોહિત શબ્દો પ્રયોજવા માટે છે. પરંતુ આ પરિપત્રથી અનુસૂચિત જાતિના ભાઇઓ માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઇઓમાં વપરાયેલા શબ્દો, પર્યાયો અને તે અન્વયે તેમને મળવાપાત્ર થતાં લાભોને કોઇ વિપરીત અસર થશે નહિ.

૫ ઉપર્યુક્ત સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડા/કચેરીના વડાઓ વગેરેને આથી ભારપૂર્વક વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન. સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત તકેદારી અયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો(તેઓના ખાતાઓ/કચેરીઓના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સીટી ઓ વગેરેને આ અંગેની જાણ કરવાની વિનંતી સહ.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશનો.(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

વિભાગની તમામ શાખાઓ.

સર્વે નાયબ નિયામકશ્રીઓ(અ.જા.)/સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)

શાખા પસંદગી ફાઇલ

પત્ર દ્વારા